# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 12.10.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

*****************************************************

1) વૈશ્વિક ઉભરતા પડકારોના નવીન ઉકેલો શોધવાની ભારતના યુવાનો પાસે પ્રતિભા અને ક્ષમતા હોવાનો વિશ્વાસ વ્યક્ત કરતાં પ્રધાનમંત્રી.

2) કેન્દ્રીય રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે અમદાવાદમાં બ્રિક્સ પરંપરાગત અને સ્વદેશી રમતોત્સવ 2026નું ઉદ્ઘાટન કરશે.

3) આઇલેન્ડ્સના ધ્વજવાળા જહાજ પર વિસ્ફોટક તૂટી પડ્યું - તમામ 11 ભારતીય નાવિકો સુરક્ષિત – રિયાધ એરપોર્ટ પરના હુમલામાં ઇજાગ્રસ્ત ભારતીય નાગરિકનું મોત.

4) રશિયા અને યુક્રેન ઊર્જા ક્ષેત્રે યુદ્ધવિરામ પર સંમત થયા હોવાનો ટ્રમ્પનો દાવો.

5) ઇન્દોરમાં રમાયેલી T-20ની ત્રીજી મેચમાં વેસ્ટ ઇન્ડિઝ સામે વિજય સાથે ભારતની શ્રેણીમાં 2-1થી સરસાઇ.

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....

# PM - INDIAN YOUTH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે, વૈશ્વિક ઉભરતા પડકારોના નવીન ઉકેલો શોધવાની ભારતના યુવાનો પાસે પ્રતિભા અને ક્ષમતા છે. ગઇકાલે ચેન્નાઈમાં જયગોપાલ ગરોડિયા હિન્દુ વિદ્યાલયના સુવર્ણ જયંતિ સમારોહમાં સંબોધન કરતાં પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે વર્તમાન યુગ યુવા પેઢીનો છે. શ્રી મોદીએ નોંધ્યું કે યુવાનોના નવા વિચારો અને સખત મહેનત ભારત સહિત વિશ્વના ભવિષ્યને ઘડશે.

## BYTE – PM YOUTH

વૈશ્વિક સમસ્યાના નિરાકરણની સાથે, પ્રધાનમંત્રીએ રાષ્ટ્રીય એકતા અને તમિલ વારસા અંગે પણ પ્રકાશ પાડ્યો. શ્રી મોદીએ વિદ્યાર્થીઓને વિશાળ સ્વપ્ન જોવા, અલગ રીતે વિચારવા અને નિર્ભયતાથી કાર્ય કરવા અપીલ કરી. તેમણે કહ્યું 2047 સુધીમાં વિકસીત ભારતના વિઝનને સાકાર કરવા માટે યુવાનો કેન્દ્રસ્થાને છે.

પ્રધાનમંત્રીએ પુનરોચ્ચાર કર્યો કે આધુનિક નવીનતાને તેમના સાંસ્કૃતિક વારસા સાથે સઘન રીતે જોડીને તેને સંતુલિત કરીને, યુવા નેતાઓ વૈશ્વિક મંચ પર ઓળખ મેળવીને એક પ્રગતિશીલ, આત્મનિર્ભર રાષ્ટ્રનું નિર્માણ કરી શકે છે.

# MANDAVIYA - BRICS SPORTS

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આજે ગુજરાતના અમદાવાદમાં બ્રિક્સ પરંપરાગત અને સ્વદેશી રમતોત્સવ 2026નું ઉદ્ઘાટન કરશે.

આ રમતોનું આયોજન યુવા બાબતો અને રમતગમત મંત્રાલય દ્વારા ગુજરાત સરકારના સહયોગથી ભારતના બ્રિક્સ અધ્યક્ષપદ હેઠળ કરવામાં આવી રહ્યું છે. જે પરંપરાગત અને સ્વદેશી રમતગમત પ્રથાઓના પ્રદર્શન માટે બ્રિક્સ સભ્ય અને ભાગીદાર દેશોના પ્રતિનિધિમંડળોને એકસાથે લાવશે.

મંત્રાલયે જણાવ્યું કે આ રમતો રમતગમત દ્વારા સાંસ્કૃતિક આદાનપ્રદાન, વારસાનું સંરક્ષણ અને લોકો-થી-લોકોના સહયોગને પણ પ્રોત્સાહન આપશે. આ સાથે મુલાકાતી પ્રતિનિધિમંડળો સાથે દ્વિપક્ષીય બેઠકોનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકોનો હેતુ રમતગમતમાં સહયોગને મજબૂત કરવા અને બ્રિક્સ માળખામાં પરંપરાગત અને સ્વદેશી રમતોને પ્રોત્સાહન આપવાની તકો શોધવાનો છે.

# DELHI GOVT-DURGA E-AUTO SCHEME

દિલ્હી સરકાર મહિલાઓ અને ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ માટે સલામત, પ્રતિષ્ઠિત અને ટકાઉ સ્વરોજગારની તકો ઉપલબ્ધ કરાવવા દુર્ગા ઇ-ઓટો યોજના શરૂ કરશે. આ પહેલ રાષ્ટ્રીય રાજધાનીમાં સ્વચ્છ અને સમાવિષ્ટ ગતિશીલતાને પણ પ્રોત્સાહન આપશે.

સાંભળીએ એક અહેવાલ........

VC: SHAKTISINH

# NAVRATRI SECOND DAY

આજે શારદીય નવરાત્રીનો બીજો દિવસ છે. આજે મા દુર્ગાના બ્રહ્મચારિણી સ્વરૂપની પૂજા કરવામાં આવે છે. ગુજરાત સહીત દેશભરના શક્તિપીઠોમાં હાલ શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટ્યું છે. વિવિધ માઈ મદિરોમાં વહેલી સવારથી ભક્તોની કતારો જોવા મળી રહી છે.

# SONOWAL-TANKER ATTACK

બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યુ કે આઇલેન્ડ્સના ધ્વજવાળા જહાજ એમ/ટી વાલ્થેરા પર વિસ્ફોટ્ક તૂટી પડતાં આગ લાગી. જેમાં તમામ સવાર 11 ભારતીય નાવિકો સુરક્ષિત છે.

શ્રી સોનોવાલે એ પણ માહિતી આપી કે 11 ભારતીય નાવિકોને લઈને જતા ટેન્કર એમટી પેટ્રો ડોલ્ફિન પર સોહર એન્કોરેજ ખાતે ડ્રોન હુમલો કરવામાં આવ્યો હતો. તેમણે કહ્યું કે નવ ભારતીય ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવી લેવામાં આવ્યા છે અને તેઓ સુરક્ષિત છે જ્યારે બે ભારતીય નાગરિકો હાલમાં સંપર્ક વિહોણા છે. તેમણે કહ્યું કે સ્થાનિક કોસ્ટ ગાર્ડ દ્વારા શોધ અને બચાવ કામગીરી સક્રિય રીતે ચાલી રહી છે.

વિદેશ મંત્રાલયે ગઈકાલે હોર્મુઝ ક્ષેત્રમાં વાણિજ્યિક જહાજો પર થયેલા હુમલાઓની નિંદા કરી છે. મંત્રાલયે જણાવ્યુ કે, મસ્કતમાં ભારતીય દૂતાવાસ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે.

# INDIAN KILLED-SAUDI ARABIA

સાઉદી અરેબિયાના રિયાધમાં કિંગ ખાલિદ એરપોર્ટ પર શનિવારે થયેલા હુમલામાં ઇજાગ્રસ્ત થયેલા એક ભારતીય નાગરિકનું મોત થયું છે. રિયાધમાં ભારતીય દૂતાવાસે જણાવ્યું કે મૃતદેહને ભારત પરત મોકલવા સહિત તમામ શક્ય સહાય પૂરી પડાશે.

આ હુમલામાં આશરે 300 લોકો ઇજાગ્રસ્ત થયા હતા, જેમાં 10 ભારતીય નાગરિકોનો પણ સમાવેશ થાય છે. ભારતીય અધિકારીઓ ઇજાગ્રસ્તોની સ્થિતિ જાણવા સ્થાનિક અધિકારીઓ અને હોસ્પિટલોના સંપર્કમાં છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરે જણાવ્યું કે હુમલા બાદ રિયાધમાં ભારતીય દૂતાવાસે તમામ જરૂરી પગલાં લીધા છે. દૂતાવાસે સાઉદી અરેબિયામાં ભારતીય નાગરિકોને જરૂરી ન હોય ત્યાં સુધી ઘરની અંદર રહેવાની સલાહ આપી છે.

ભારતીય નાગરિકો સહાય માટે સાઉદી અરેબિયામાં 24 કલાક ટોલ-ફ્રી નંબર 80 02 47 12 34 પર સંપર્ક કરી શકે છે.

# RIYADH ATTACK

દરમિયાન સાઉદી અરેબિયામાં રિયાધ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર ગઇકાલે બીજા એક હુમલામાં એકનું મોત અને 11 ઇજાગ્રસ્ત થયા છે. સાઉદી સેનાના પ્રવક્તાએ જણાવ્યું કે, કિંગ ખાલિદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર વિસ્ફોટક પડતાં પેસેન્જર હોલમાં આગ ફાટી નીકળી હતી.

યમનમાં હુથીઓએ આ હુમલાની જવાબદારી લેતા મુસાફરોને સાઉદી અરેબિયાના એરપોર્ટ અને એરસ્પેસનો ઉપયોગ ન કરવા ચેતવણી આપી હતી. દરમિયાન અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે અમેરિકા હુથીઓ પર હુમલો કરવો કે નહીં તે અંગે નિર્ણય લેશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# TRUMP - ENERGY CEASEFIRE

અમેરિકી રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે રશિયા અને યુક્રેન ઊર્જા ક્ષેત્રે યુદ્ધવિરામ પર સંમત થયા છે. જો કે શ્રી ટ્રમ્પે આ અંગે કોઈ વિગતો આપી નથી. તેમણે ગઈકાલે રાત્રે સોશિયલ મીડિયા પોસ્ટમાં યુદ્ધવિરામ તાત્કાલિક અમલમાં આવ્યો હોવાનું જણાવ્યુ હતું.

હજી સુધી રશિયાએ તાત્કાલિક કોઈ ટિપ્પણી કરી નથી. યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોડીમીર ઝેલેન્સકીએ કહ્યું કે, તેમનો દેશ શ્રી ટ્રમ્પની જાહેરાતને દરેક માટે સારા સમાચાર તરીકે આવકારે છે. તેમણે કહ્યું કે યુક્રેન રશિયાના ઊર્જા માળખા પર હુમલો કરવાથી દૂર રહેવા તૈયાર છે.

# NT PAKISTAN-KP EMERGENCY

પાકિસ્તાનના રાષ્ટ્રપતિ આસિફ અલી ઝરદારીએ કટોકટી લાગુ કર્યા બાદ ખૈબર પખ્તુનખ્વામાં ચૂંટાયેલી પ્રાંતીય સરકારને બરખાસ્ત કરી દીધી છે. આ પ્રાંતમાં જેલમાં બંધ ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ઇમરાન ખાનની પીટીઆઈ પાર્ટીની આગેવાની હેઠળની સરકાર સત્તામાં હતી. પ્રધાનમંત્રી શેહબાઝ શરીફના મંત્રીમંડળની ભલામણ પર ગઇકાલે આ નિર્ણયને મંજૂરી આપવામાં આવી હતી.

પ્રાંતીય સરકારની આ બરખાસ્તગી પાકિસ્તાનમાં ચાલી રહેલા રાજકીય સંઘર્ષને વધુ ઘેરો બનાવે છે.

# CRICKET

ક્રિકેટમાં, ભારતે ઇન્દોરના હોલકર સ્ટેડિયમ ખાતે રમાયેલી ત્રીજી ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં વેસ્ટ ઈન્ડિઝને 14 રનથી હરાવ્યું.

વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય કર્યો. પ્રથમ બેટિંગ કરતા, ભારતીય ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 223 રનમાં ઓલઆઉટ થઈ હતી. ભારત તરફથી અભિષેક શર્માએ 30 બોલમાં શાનદાર 69 રન બનાવ્યા. વેસ્ટ ઈન્ડિઝ તરફથી રોસ્ટન ચેઝ, શમર જોસેફ અને શમર સ્પ્રિંગરે બે-બે વિકેટ ઝડપી.

224 રનના લક્ષ્યાંકનો પીછો કરતા, વેસ્ટ ઈન્ડિઝ નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 209 રન જ બનાવી શક્યું. જેમાં શિમરોન હેટમાયરે 43 અને કામિલ પૂરને 42 રન બનાવ્યા. ભારત તરફથી અર્શદીપ સિંહે ત્રણ વિકેટ ઝડપી. અર્શદીપ સિંહને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા.

ગઈકાલની જીત સાથે, ભારત પાંચ મેચની શ્રેણીમાં 2-1થી આગળ છે. શ્રેણીની ચોથી મેચ 14 ઓક્ટોબરે હૈદરાબાદના રાજીવ ગાંધી ઇન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાશે.

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતની અનમોલ ખાર્બે તુર્કીયે ઇન્ટરનેશનલ ચેલેન્જમાં મહિલા સિંગલ્સનો ખિતાબ જીત્યો છે. અનમોલે ફાઇનલમાં દેશબંધુ આકારશી કશ્યપને સીધી રમતોમાં 21-11, 21-14 થી પરાજય આપ્યો. અનમોલનો આ ત્રીજો આંતરાષ્ટ્રીય ખિતાબ છે.

દરમિયાન, ભારતના સૂરજ ગોલા અને નિકોલસ રાજ પુરૂષ ડબલ્સ સ્પર્ધામાં રનર્સ-અપ રહ્યા. ભારતીય જોડી ફાઇનલમાં ડેનમાર્કના વિલિયમ ક્રિગર બો અને રાસમસ એસ્પર્સન સામે 14-21, 19-21 થી હારી ગઈ હતી.

# EAST AFRICA BOAT CAPSIZE

પૂર્વ આફ્રિકામાં જીબુટીના દરિયાકાંઠે ઉત્તરે ગુહેરે નજીક ખીચોખીચ ભરેલી બોટ પલટી જતાં સર્જાયેલી દુર્ઘટનામાં 15 બાળકો સહિત 139ના મોત થયા છે. ઇન્ટરનેશનલ ઓર્ગેનાઇઝેશન ફોર માઇગ્રેશન - IOMએ જણાવ્યું છે કે સ્થળાંતર કરનારા 305 લોકોને લઈને ગુરુવારે રાત્રે રવાના થયા પછી જહાજ કિનારાની નજીક ડૂબી ગયું હતું.

સત્તાવાર રીતે 139ના મોતની પુષ્ટિ થઈ છે. હજી પણ ગુમ થયેલા 84 લોકોને શોધવા શોધ અને બચાવ કામગીરી ચાલી રહી છે. એજન્સીએ જણાવ્યુ કે મૃત્યુઆંક હજી વધી શકે છે. ઘટનામાં 80 થી વધુને બચાવી લેવાયા છે.

# DELHI TRAFFIC - ADVISORY

દિલ્હી ટ્રાફિક પોલીસે નવી દિલ્હીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને ધ્યાનમાં રાખીને આજે ટ્રાફિક માર્ગદર્શિકા જાહેર કરી છે.

પોલીસે જણાવ્યુ કે, દિવસ દરમિયાન રાષ્ટ્રીય રાજધાનીમાં વિવિધ વિસ્તારોમાં ટ્રાફિકની ગતિવિધિ પ્રભાવિત થવાની સંભાવના છે. પ્રવર્તમાન પરિસ્થિતિને આધિન, દિલ્હીના કેટલાક મુખ્ય જંકશન અને વિસ્તારોમાં ટ્રાફિક ડાયવર્ઝન લાગુ કરાઈ શકે છે. જેમાં મિન્ટો રોડ, મંડી હાઉસનો રાઉન્ડ અબાઉટ, ગુરુ નાનક ચોક, લોધી રોડ ફ્લાયઓવર અને અન્યનો સમાવેશ થાય છે.

ટ્રાફિક પોલીસે મુસાફરોને અગાઉથી તેમની મુસાફરીનું આયોજન કરવા અને વધારાનો મુસાફરી સમય આપવાની સલાહ આપી હતી.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડીયા

- આજના અખબારોમાં મુખ્યત્વે CJP પ્રોટેસ્ટ અંગેના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર, સંદેશ, ફૂલછાબ અને નવગુજરાત સમયે લખ્યું છે કે, બીજા દિવસે પણ ધરપકડ - આદેશ છતાં કેન્દ્રએ દિલ્હીને બાનમાં કેમ લીધું? મેટ્રો બંધ ન કરો, ઇન્ટરનેટ તરત ચાલુ કરો - સુપ્રીમ કોર્ટ.
- અન્ય સમાચારોમાં આજે જ્ઞાનેશ કુમાર સામે "ઈન્ડિયા"ની કૂચ, રિયાધ એરપોર્ટ પર હૂથીનો હુમલો - એક ભારતીય સહિત 13 ના મોત, નેપાળમાં ફરી જળપ્રલય: બુઢી ગંડક નદીમાં પૂર, રશિયા-યુક્રેન વચ્ચે "એનર્જી સિઝફાયર" લાગુ - બંને દેશો તેને ન તોડે: ડોનાલ્ડ ટ્રમ્પની જાહેરાત.